**ફોજદારી કેસ નંબર :– 103647/2026**

આંક– ૧ લગત હુકમ :–

આજ રોજ કામ હાથ ઉપર લીધુ. ફરીયાદી તર્ફે ફરીયાદના કામે કેસ પરત ખેંચવા માંગતા હોવાની વિડ્રો પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે કે ફરીયાદી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા નથી અને ફરીયાદ વિડ્રો પુરસીસ આધારે પરત ખેંચવા માંગે છે. આથી ફરીયાદીને ફરીયાદ પાછી ખેંચી લેવા પરવાનગી આપી ફરીયાદ અન્વયે આરોપી/ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામા આવે છે અને વિડ્રો પુરસીસ આધારે હાલની ફરીયાદ ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૮, માહે : એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૮.૦૪.૨૦૨૬

(ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર)
૧૨માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, કોર્ટ નંબર ૩૩.
કોડ નંબર જીજે ૦૦૯૩૯.

**C. C. NO. ............../............**

## આંક ........ તળે હુકમ

---

ફરીયાદી  હાજર છે ફરીયાદીપક્ષના વિ.વકીલશ્રી હાજર છે. જેઓને સાંભળ્યા. બચાવપક્ષ વિ.વકીલશ્રી બપોરે ૧.૫૦ વાગ્યે હાજર છે. જેઓનો શેરો વંચાણે લીધો. રેકર્ડ જોતાં નિશાની ૧૭/૧ જે એસ.બી.આઈ. બેંકના ખાતાનો ઉતારો છે. જેમાં બેંકનું રાઉન્ડસીલ કરવામાં આવેલ છે. જેથી સદરહું નિશાની ૧૭/૧ ને આંક–......... આપવામાં આવે છે.

તા. ૧૮/૦૩/૨૦૨૬

સ્થળ : અમદાવાદ.

(ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર)
૧૨માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, કોર્ટ નંબર ૩૩.
કોડ નંબર જીજે ૦૦૯૩૯.